આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૧૯-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમંત્રી-PM કિસાન સંમેલન-વારાણસી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પીએમ સંમાન નિધિ યોજનાના 17માં હપ્તાની ચૂકવણી કરી હતી. આ યોજના હેઠળ 9.26 કરોડથી વધુ ખેડૂતો માટે 20 હજાર કરોડ રૂપિયા જારી કર્યા.

પ્રધાનમંત્રીએ વારાણસીમાં પીએમ કિસાન સન્માન સંમેલન દરમિયાન આ રકમ જાહેર કરી હતી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-બોરવેલ રિચાર્જ લોકાર્પણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઓડિટોરિયમ હોલમાં ગઈકાલ વધુ 44 રિચાર્જ બોરવેલનું લોકાર્પણ કરવામાં આવ્યું. પ્રદીપ ધામેચા પરિવાર સહયોગથી આ બોરવેલને રિચાર્જ કરવામાં આવ્યા છે. અગાઉ ગાંધીનગર, રાજકોટ અને જામનગરમાં બોરવેલ રીચાર્જ કરવામાં આવ્યા હતા.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજ્ય-આરોગ્યમંત્રી-રસીકરણ અભિયાન

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે ગાંધીનગર ખાતેથી ટિટેનસ અને ડિપ્થેરીયા અને DPT ત્રિગુણી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને  મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા  અનુરોધ કર્યો હતો. જૂન,. જુલાઇ, ઓગષ્ટ મહિના દરમિયાન 23 લાખ બાળકોનું રસીકરણ હાથ ધરાશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## રાજ્ય-સ્કુલવાન સંચાલકો

ગુજરાતમાં સ્કૂલવાન ચાલકોના મુદ્દે રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે બાળકોની સલામતીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.. તેમજ સરકાર સકારાત્મક રીતે વિચારીને શાળાના બાળકોને લઇ જતી વાનના સંચાલકો માટે નિયમો બનાવી રહી છે. આ અંગે કામગીરી પૂર્ણ થયા બાદ તેની જાહેરાત કરવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## રાજ્ય-ગાંધીનગર-વેધર વોચ ગ્રુપ બેઠક

ગાંધીનગરના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે વેધરવોચ ગ્રુપની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આગામી ચોમાસામાં  વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા વ્યૂહરચના તૈયાર

કરી દેવામાં આવી છે. સાથે જ કોઇ પણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા તમામ ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે આગામી અઠવાડિયા દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.  બેઠકમાં આ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજ્ય હવામાન

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યના ઘણા વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

જયારે ગઈકાલે રાજ્યમાં વલ્લભ વિદ્યાનગર ખાતે સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સીયસ ઉંચુ તાપમાન નોંધાયું હતું. દરમ્યાન કચ્છ જિલ્લામાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયશથી નીચુ રહ્યુ હતું. પણ જિલ્લામાં ધુપછાવના માહોલ વચ્ચે પવનની ગતિ સામાન્ય રહેતા લોકો બફારાથી અકળાયા હતા.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-હવામાન

દરમ્યાન કચ્છ જિલ્લામાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયશથી નીચુ રહ્યુ હતું. પણ જિલ્લામાં ધુપછાવના માહોલ વચ્ચે પવનની ગતિ સામાન્ય રહેતા લોકો બફારાથી અકળાયા હતા.

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## ક્રિકેટ-ICC-T-20 પુરૂષ વિશ્વકપ સ્પર્ધા

અમેરીકા અને વેસ્ટઈન્ડીઝ ખાતે ચાલી રહેલી આઈ.સી.સી ટી-20 પુરૂષ ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધાની અંતિમ ગ્રુપ મેચમાં વેસ્ટઈન્ડીઝે અફઘાનિસ્તાન પર 104 રનથી વિજય મેળવ્યો હતો. આજથી આ સ્પર્ધામાં સુપર-8 તબક્કાનો પ્રારંભ થશે. વેસ્ટઈન્ડીઝે આપેલા 219 રનના લક્ષ્યાંક સામે અફઘાનિસ્તાનની ટીમ 114 રન કરી શકી.

**(NP/આશુતોષ અંતાણી)**

---

## ફુટબોલ-યુરો કપ સ્પર્ધા

જર્મનીમાં ચાલી રહેલી યુરોપીય ફુટબોલ ચેમ્પિયનશીપ યુરોકપ સ્પર્ધામાં ફ્રાન્સનો ઓસ્ટ્રીયા સામે 1-0 ગોલથી વિજય થયો હતો. સ્પર્ધાની અન્ય એક મેચમાં રોમાનીયાએ યુક્રેનને 3-0 થી પરાજીત કર્યું. જયારે ગ્રુપ-ઈ ની મેચમાં સ્લોવાકીયાએ બેલ્જિયમ પર 1-0 થી વિજય મેળવ્યો હતો.

**(NP/આશુતોષ અંતાણી)**

---